SSP/FEB98/G/05/02/3,000

## બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સંસ્થા

## સત્સંગ શિક્ષણ પરીક્ષા

# સત્સંગ પરિચય

## પ્રશ્નપત્ર - ૨

બપોરે ૨ થી ૪:૧૫]  (રવિવાર, ૧૫ ફેબ્રુઆરી, ૧૯૯૮)  કુલ ગુણ : ૭૫

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

### વિભાગ - ૧ (કિશોર સત્સંગ પરિચય)

**પ્ર.૧. નીચેનામાંથી કોઈપણ બે વિધાનો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** ૬

૧. 'હે ભાઈચંદ ભાઈના ભગવાન સ્વામિનારાયણ ! મારી રક્ષા કરો ને લાજ રાખો.'
૨. 'છોકરા ! ભગવાનને તોલ મા.'
૩. 'લાજ જશે તો લક્ષ્મીની જશે, આપણે શી ચિંતા છે.'
૪. 'અગ્નિને કહો કે સતી તો ચાલ્યાં ગયાં છે.'

**પ્ર.૨. નીચેનામાંથી કોઈપણ એક વિષે મુદ્દાસર વિવરણ લખો. (બારેક લીટીમાં)** ૪

૧. હિમરાજ શાહ
૨. નિયમ
૩. ગલુજી

**પ્ર.૩. નીચેનામાંથી કોઈપણ બે નાં કારણ આપીને સમજાવો (સાત-આઠ લીટીમાં)** ૪

૧. સુંદરજીભાઈનો ગર્વ ઓગળી ગયો.
૨. કડવીબાઈએ નદીના પાણીમાં ઝંપલાવ્યું.
૩. નથુ ભટ્ટે દામોદરને સાષ્ટાંગ દંડવત્ કર્યા.
૪. પરમ ચૈતન્યાનંદ સ્વામી પ્રાર્થના કરતા કે 'હે મહારાજ ! તમારા સાધુ ઓળખાવજો.'

**પ્ર.૪. નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** ૭

૧. કયા પાંચ દેવ પૂજ્યપણે કરીને માનવા ?
૨. જ્ઞાન એટલે શું ?
૩. ગૃહસ્થના પંચવર્તમાન લખો.





૪. સૌ પ્રથમ મંદિર શ્રીજીમહારાજે કઈ સાલમાં બાંધ્યું ?
૫. પર્વતભાઈએ સ્વરૂપાનંદ સ્વામીને શાંતિ માટે શું કહ્યું ?
૬. સંતો-હરિભક્તોનાં નાકે અત્તરના ચાંદલા કરી મહારાજે શું કહ્યું ?
૭. ત્યાગી સાધુએ કયા ત્રણ ગ્રંથ પાળવા જોઈએ ?

**પ્ર.૫. નીચે આપેલ 'સ્વામીની વાત' પૂરી કરો અને તેનું નિરૂપણ લખો.** ૫

કલ્યાણનો ખપ કેવો ............................

**અથવા**

**વચ. પ્ર-૮** નું નિરૂપણ લખો.

**પ્ર.૬. નીચેનામાંથી કોઈપણ ચાર કીર્તન/શ્લોક/અષ્ટકની ખૂટતી કડીઓ લખો.** ૮

૧. શરણાગત ............................ ભજ સદા ॥
૨. પ્રથમ તે ચિંતવન ................................ મન ભાવી વ્હાલા.
૩. કનક છડી સુંદર .................................. તાપ સમાવતા રે.
૪. અસુર અધર્મી .................................. તેહ કરાવ્યા ત્યાગ.
૫. યસ્યાત્મબુદ્ધિ : ........................................ એવ ગોખર : ॥

### વિભાગ - ૨ (પ્રાગજી ભક્ત)

**પ્ર.૭. નીચેનામાંથી કોઈપણ બે વિધાનો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** ૬

૧. 'સ્વામી ! બહુ પારસાવ્યા ?'
૨. 'ચરણાવિંદના પાડનારા શ્રીજીમહારાજ હું તેને આપીશ.'
૩. 'સ્વામી, તમે પંડે અક્ષર ?'
૪. 'તમારા બાબુલા જેવા શિષ્યોમાં બંધાતા નહીં.'

**પ્ર.૮. નીચેનામાંથી કોઈપણ એક વિષે કારણ આપીને સમજાવો. (બારેક લીટીમાં)** ૪

૧. ગિરધરભાઈએ ગુરુ તરીકે ભગતજી મહારાજને સ્વીકાર્યા.
૨. ગુણાતીતાનંદ સ્વામીએ પ્રાગજી ભક્તને મરણિયા થવાનું કહ્યું.
૩. પવિત્રાનંદ સ્વામીએ પ્રાગજી ભક્તને વિમુખ કરવાનો નિર્ણય લીધો.

**પ્ર.૯. નીચેનામાંથી કોઈપણ એક વિષે મુદ્દાસર નોંધ લખો. (પંદરેક લીટીમાં)** ૫

૧. ભગતજીને થયેલો સાક્ષાત્કાર.
૨. ગુરુ વચને ચૂરેચૂરા.
૩. જૂનાગઢમાં અપૂર્વ સન્માન.

**પ્ર.૧૦. નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.** **૭**

૧. ભગતજીના પિતાશ્રીનું નામ શું હતું ?
૨. પ્રાગજી ભક્તે કોની પાસે વર્તમાન લીધા ?
૩. ભગતજી અને યજ્ઞપુરુષદાસજીનો પ્રથમ મેળાપ ક્યાં થયો ?
૪. રાવસાહેબના જમાદારે સંતોને શું કહ્યું ?
૫. જૂનાગઢ મંદિર છોડતી વખતે ગુણાતીતાનંદ સ્વામી શું બોલ્યા ?
૬. બાલમુકુંદદાસજીએ ભગતજીનો શો મહિમા કહ્યો ?
૭. ભગતજી ધામમાં ક્યારે ગયા ?

**પ્ર.૧૧. નીચેનામાંથી કોઈપણ એક વિષય પર ટૂંકનોંધ લખો. (બારેક લીટીમાં)** **૪**

૧. ભગતજીનું આકર્ષણ.
૨. મહુવામાં શાસ્ત્રીજી મહારાજે કહેલો ભગતજીનો મહિમા.
૩. ભગતજીનું ઐશ્વર્યદર્શન.

**વિભાગ - ૩ ('સત્સંગ પ્રવેશ' પરીક્ષાનાં પુસ્તકોને આધારે)**

**પ્ર.૧૨. નીચેના વિષયો પર ટૂંકનોંધ લખો.** **૧૫**

૧. શાસ્ત્રીજી મહારાજની ગુરુ ભક્તિ.

**અથવા**

અજાતશત્રુ શાસ્ત્રીજી મહારાજ.

૨. નીલકંઠની નિર્ભયતા.

**અથવા**

પુલહાશ્રમમાં તપ.

૩. બ્રહ્માનંદ સ્વામીની નિષ્ઠા.

**અથવા**

રાણા રાજગર.